# તારાંકિત પ્રશ્ન અંગે ટૂંકી નોંધ

**(૧) અન્ય પછાત વર્ગોના પંચમાં ચેરમેન ઉપરાંત સભ્યોની નિમણૂંક ન કરવાનું કારણ:**

**માન. અધ્યક્ષશ્રી,**

નામ. સુપ્રિમ કોર્ટની બંધારણીય ખંડપીઠના ઇન્દ્રા સાહનીના કેસમાં અપાયેલ તા. ૧૬/૧૧/૧૯૯૨ના ચુકાદા મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (S.E.B.C.)ની યાદીમાં કોઇ નવી જાતિ/જ્ઞાતિનો ઉમેરો/બાદબાકી કરવા રાજ્ય કક્ષાએ એક કાયમી સંસ્થાની સ્થાપના કરવા આદેશ આપવામાં આવેલ. જેના અનુસંધાને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૧૮/૦૩/૧૯૯૩ના ઠરાવથી અન્ય પછાત વર્ગોના પંચ તરીકે એક કાયમી પંચની રચના કરવામાં આવેલ છે. ઉક્ત ઠરાવમાં સભ્યોને નિમણૂંક આપવાની જોગવાઇ કરવામાં આવી નથી.

**(૨) સભ્યોની નિમણૂંક ક્યાં સુધી કરવામાં આવશે/ઈન્દ્રા સાહનીના ચુકાદા અનુસાર સભ્યોની નિમણૂંક કરવા માંગ છો કે કેમ ?**

માન. અધ્યક્ષશ્રી,

અન્ય પછાત વર્ગોના પંચ બાબતે કુલ ચાર રીટ પીટીશન (PIL)નં. 10, 83, 109 ઓફ 2017 અને 154 ઓફ 2018 નામ. ગુજરાત હાઇકોર્ટ સમક્ષ વિચારણાધીન છે. નામ. હાઈકોર્ટ સમક્ષ વિચારણાધીન બાબતો પૈકી એક બાબત અન્ય પછાત વર્ગો માટેના પંચમાં સભ્યોની નિમણૂંકને લગતી પણ છે. આમ માન. સભ્યશ્રી દ્વારા પૂછાયેલ બાબત હાલ સબજ્યુડીશ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ક્રમાંક ૮૯ થી પૂરક પ્રશ્નો પુછવા માટે નિયત કરાયેલા નિયમમાં પૂરક પ્રશ્નને લગતા નિયમોનું ઉલંઘન ન કરે એવું નિયત કરવામાં આવ્યું છે. વધુમાં, નિયમ ૭૮ના પેટા નિયમ(૫) અનુસાર પ્રશ્નનો હેતુ અભિપ્રાય મેળવવાનો કે કોઇ કાયદાનું અર્થઘટન કરવાનો હોવો જોઈએ નહિ.

**(૩) સરકારશ્રીના તા. ૨૫/૦૭/૧૯૯૪ના ઠરાવથી કુલ – ૩૯ જ્ઞાતિઓનો SEBC યાદીમાં અન્ય પછાત વર્ગના પંચના પરામર્શ સિવાય સમાવેશ કરવામાં આવેલ હતો. ઉક્ત ઠરાવ રદ્દ કરવા માંગો છો કે કેમ?**

**માન. અધ્યક્ષશ્રી,**

અન્ય પછાત વર્ગોના પંચ બાબતે કુલ ચાર રીટ પીટીશન (PIL)નં. 10, 83, 109 ઓફ 2017 અને 154 ઓફ 2018 નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ વિચારણાધીન છે. નામ. હાઈકોર્ટ સમક્ષ વિચારણાધીન બાબતો પૈકી એક બાબત પંચના પરામર્શ સિવાય સમાવિષ્ટ કરાયેલ જ્ઞાતિઓના ઠરાવને રદ્દ કરવાને લગતી પણ છે. આમ માન. સભ્યશ્રી દ્વારા પૂછાયેલ બાબત હાલ સબજ્યુડીશ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ક્રમાંક ૮૯ થી પૂરક પ્રશ્નો પુછવા માટે નિયત કરાયેલા નિયમમાં પૂરક પ્રશ્નોને લગતા નિયમોનું ઉલંઘન ન કરે એવું નિયત કરવામાં આવ્યું છે. વધુમાં, નિયમ ૭૮ના પેટા નિયમ(૫) અનુસાર પ્રશ્નનો હેતુ અભિપ્રાય મેળવવાનો કે કોઈ કાયદાનું અર્થઘટન કરવાનો હોવો જોઈએ નહિ.

*****************